## પ્રકરણ - ૪

## નર્મદ

અર્વાચીનોમાં આદ્ય નર્મદ સંસારસુધારાકાળની કવિતાની રાષ્ટ્રીય અસ્મિતાનો એક પ્રમુખ ઉદ્ગાતા છે. સ્વદેશાભિમાન, સ્વતંત્રતા, રાષ્ટ્રીય ઐક્ય, ઇ. વિશે એ જમાનાની વિચારસૃષ્ટિની મર્યાદામાં રહીને કેટલાંક કાવ્યો નર્મદે રચ્યાં છે. નર્મદના કવનનો એક મુખ્ય વિષય દેશભક્તિ છે. દેશપ્રેમી કવિ નર્મદ, ભારતની અવદશાને કારણે ક્યારેક દર્દ અનુભવતો, તો ક્યારેક એ અવનત દશાને નામશેષ કરવા માટે શૌર્યોદ્બોધન કરતો દેખાય છે.

ભારતભૂમિને નર્મદે ઘણી વહેલેરી માતૃસ્વરૂપે નિહાળી છે. "દેશભૂમિ એ આપણી મા છે ને આપણે તેનાં છોકરાં છૈયે." [1] "હિન્દુઓની પડતી"માં એ જ વાત એણે કહી છે. "છે સઘળા નિજ ભાઇ, દેશભૂમિ સહુની મા" :"નર્મકવિતા" પૃ. ૩૫૯:. રાષ્ટ્ર વિશેનો કોરો બૌધ્ધિક ખયાલ, દેશજનોમાં ઊંડો ભક્તિભાવ પ્રેરે એવો સંભવ ઓછો છે. એટલે જ, બંકિમચંદ્ર જેવા દેશભકત સાહિત્યકારે રાષ્ટ્રને માતૃશક્તિના પ્રેરક ને પાવક રૂપમાં ભારતવાસીઓ સમક્ષ રજૂ કરેલ હશે. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં નર્મદના વારાથી દેશની માતૃસ્વરૂપે વંદના- અર્ચના શરૂ થયેલી જણાય છે.

દેશપ્રેમની નર્મદની લાગણી એના હૃદયની એક સાચી, તલસ્થ લાગણી હતી. એ લાગણીમાંથી જન્મેલાં વીરત્વનાં કાવ્યોમાં નર્મદના હૃદયનો ખરો ઉદ્રેક અનુભવાય છે. દેશ વિશેનાં કેટલાંક "જોસ્સાદાર"કાવ્યો લખનાર નર્મદને કવચિત્ આજના અર્થના શુધ્ધ રાજકીય સ્વાતંત્ર્યના આદ્યપુરસ્કર્તા તરીકે આપણી સમક્ષ ધરવામાં આવે છે, તો વળી દલપતરામને અંગ્રેજ અમલના એક અંધ પ્રશંસક તરીકે ક્યારેક રજૂ કરવામાં આવે છે. આ બન્ને ચિત્રો ખોટાં
>

છે. દલપતરામ વિશેની એ અંગેની વિગતો આગળના જ પ્રકરણમાં રજૂ કરી છે, જ્યારે નર્મદ વિશેની કેટલીક વિગતોને અહીં ચર્ચવા ધાર્યું છે.

અંગ્રેજ અમલનાં કેટલાંક દૂષણોને સમજવા છતાં નર્મદે દલપતરામની જેમ જ, અંગ્રેજ અમલની દેશ માટેની એકંદર ઇષ્ટતા સમજીને એની પ્રશસ્તિ કરી છે. જહાલ માનસના ગણાયેલા નર્મદે પ્રસંગોપાત્ત મવાળનું મનોવલણ દાખવીને અંગ્રેજ અમલનું દીર્ઘાયુષ્ય વાંચ્છયું છે; ૧૮૫૭ના બળવાની પ્રશસ્તિ કરી છે, તો નિંદા પણ કરી છે, એવું આપણા વિવેચનમાં બહુ ઓછીવાર કહેવાયું-સ્વીકારાયું છે. અંગ્રેજ અમલનું ભલું ઇચ્છવાને કારણે નર્મદની દેશભકિત મોળી પડી જાય છે, એવું સૂચવવાનો અહીં મુદ્દલે ઇરાદો નથી. આગળ કેટલીક વાર સ્પષ્ટ કર્યું છે એમ, ભારતમાં પ્રવર્તતી ઘોર અવ્યવસ્થામાંથી સુવ્યવસ્થાનું સર્જન કરનાર અંગ્રેજોના તંત્ર પ્રત્યે પ્રજાહૃદયમાં કૃતજ્ઞતાનો ભાવ જાગે એ જેટલું સ્વાભાવિક છે, એટલું જ દલપત-નર્મદ જેવા કવિનાયકો એ કૃતજ્ઞતાના ભાવને વાચા આપે તે પણ સ્વાભાવિક છે. અંગ્રેજોના તંત્રની તરફદારી બરાબર દેશભકિતનો અભાવ અથવા તો ખુશામદખોરી, એવું સમીકરણ સંસારસુધારાકાળની કવિતા માટે બાંધી શકાય એવું છે જ નહિ. એવું સમીકરણ બાંધીએ તો ભૂતકાળની ઘટનાઓને નિહાળવા માટે જરૂરી એવા ઐતિહાસિક દષ્ટિકોણની ઉપેક્ષા કરી કહેવાય. ઉલટાનું એમ સૂચવી શકાય કે ભારતનું અંગ્રેજો એકંદરે ભલું કરવાના છે એવું સ્વીકારવામાં એ કાળનો કવિ રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રકારાંતરે પ્રગટીકરણ કરી રહયો છે. આ દષ્ટિબિંદુને કેન્દ્રમાં રાખીને નર્મદની રાષ્ટ્રીય અસ્મિતાના પ્રમાણમાં ઓછા પ્રકાશમાં આવેલા એક પાસાની રજૂઆત કરવાનો અહીં ઇરાદો રાખેલો છે.

સંસારસુધારાકાળના કવિઓ પ્રસંગ પ્રમાણે વિદેશી રાજ્યવ્યવસ્થાનો સ્વીકાર કે તુચ્છકાર કરતા રહયા છે. અમુક કવિ આઝાદીભકત અને અમુક કવિ અંગ્રેજભકત એવાં સ્થિતિચુસ્ત ખાનાંઓમાં છેક પંડિતયુગ સુધીના કવિઓને વહેંચી શકાય એવું નથી.

"ઇનકમટાકસ સંબંધી સરચાર્જ" વિશેની એક અંગ્રેજ અમલદારની જોહુકમી નર્મદથી સહન થતી નથી. નર્મદ ત્યારે લખે છે: "ખરૂં તે કાં ના કહેવું ભાઇ,

ડરી શું બેસી રહેવું ભાઇ?" :પૃ. ૨૪૩:. પણ આવો કડવો અનુભવ રિપન જેવા ઉદારમતવાદી વાઇસરોય તરફના એના પૂજ્યભાવને કોઇ આંચ પહોંચાડી શકતો નથી. "જેની નીતિ વડે જ રાજ્ય વિષયે વૃત્તિ વધી દેશની" એવા રિપનને તો એ શાબાસી જ અર્પે છે."રંગ રંગ રિપન તુને, હિન્દને આપ્યો રંગ" :પૃ. ૯૪૪:. આ રીતે, પ્રસંગ અનુસાર અંગ્રેજ અમલનો તિરસ્કાર વા પુરસ્કાર કરવાનું વલણ આપણા કવિનું જણાય છે.

નર્મદે અંગ્રેજ રાજ્યઅમલની પ્રશંસા કરતાં કાવ્યો મોટેભાગે કવિ તરીકેની એની આરંભની અને અંતસમયની કારકિર્દીમાં લખ્યાં છે. નર્મદનું એના કવનના પૂર્વ તથા ઉત્તરકાળમાં વિદેશી સલ્તનતની પ્રશંસા કરવાનું વલણ રહ્યું છે. એના કવનના મધ્યકાળમાં :ઇ.સ.૧૮૫૯-થી ઇ.સ.૧૮૬૮: અંગ્રેજ અમલનો એક એક કડક સમીક્ષક રહયો છે. 'નર્મકવિતામાં' કૃતિઓના અપાયેલા રચનાસમય ઉપરથી આ તારણ કાઢી શકાયું છે. હવે કેટલાંક ઉદાહરણો વ્દારા આ વિગતને તપાસીએ. ૧૮૫૭ ના "બંડ"ના અરસામાં જ નર્મદે એ સંબંધી કાવ્યો લખ્યાં છે. "ઇશ્વરપ્રાર્થના-બંડ સંબંધી": "એ પ્રાર્થના ઇસવીસન ૧૮૫૭ની ૪ થી ઓકટોબરે..વાંચવામાં આવી હતી." :પૃ. ૮૬૮: એમાં નર્મદ કહે છે: "બંડખોરોએ ત્રાસ પમાડી, કીધો સુખ અટકાવ.":પૃ. ૮૬૯:

"સુખકર રાજ અવિચલ કર તું, સ્થિરતા સુમતિ દઇ સારી,
દુષ્ટ અમર્યાદ બંડખોરોની, વ્હેલી ઉતારી ખુમારી,
જયજયકાર અંગ્રેજી ધજાનો, નાદ ભણવ જઇએ વારી.":પૃ. ૮૬૯:

દલપતરામની "ઝેર ગયાં ને વેર ગયાં" એ પ્રસિધ્ધ કવિતાની યાદ આપાવતી નર્મદની નીચેની પંક્તિઓ વાંચો:

" અંગ્રેજી જહાં રાજ છે, જૂલમ ના દેખાય,
અનેક ધનવંતા ગરીબ, સમન્યાયે તોળાય,
વરુ ને બકરી બે જણાં, પાસ પાસ જોવાય." :પૃ. ૮૭૦:

છેલ્લી પંક્તિ તો "એકારે પાણી પિયે, જ્યાં બકરી ને વાઘ" :દલપતકાવ્ય" ૨, પૃ. ૩: ને સ્પષ્ટરીતે મળતી આવે છે. અંગ્રેજો દેશમાંથી ચાલ્યા જાય એવી નહિ, પરંતુ "રાજ્ય રહે રાણીનું, સદૈવ કેહ બાળ ને તરૂણ વૃધ્ધ" એવી માગણી નર્મદે કરી છે. :પૃ. ૮૭૧:. દલપતરામની જેમ નર્મદે પણ બંડખોરોને"લૂણહરામી"

કહ્યા છે.

૧૮૫૭નું બંડ અંગ્રેજોએ દાબી દીધું કે તરત જ લખાયેલી નર્મદની કવિતા "ઇશ્વરનું સ્તવન" - બંડ સંબંધી" માં એના મનની કૃતજ્ઞતા તથા આનંદની લાગણી વ્યકત થયેલી છે. "જય કર્યો રૂડો ઈંગ્લીશો તણો, નહિં વળાય -પાડ તે ઘણો." :પૃ. ૮૭૩:.

"હે પ્રભુ શું ગુણ ગાવા, ઉદાર મનથી ઘણી ગરજ સારી,
રાણીનો જય કીધો, ચોળી નાખી સહજ અરિકસારી." :પૃ. ૮૭૩:

અર્થાત્, સમયના આ તબક્કે નર્મદની સહાનુભૂતિ ૧૮૫૭ના બળવામાં ભાગ લેનાર દેશજનો :"અરિકસારી": પ્રત્યે નહિ, પરંતુ અંગ્રેજો પ્રત્યે હતી. ૧૮૫૮, ૧લી નવેમ્બરે રચાયેલા "દેસમેં આનંદ ભયો, જે જે વિકટોરિયા" એ શીર્ષકયુકત કવિતામાં નર્મદે દલપતરામની ઢબે વિકટોરિયાપ્રશસ્તિ કરેલી છે. "ધન્ય જન્મ વિકટોરિયા, ધન્ય ઘડી પળવાર.":પૃ. ૮૯૫:.

નર્મદ એના કવનના પૂર્વકાળમાં માનતો હતો કે અંગ્રેજોનું ભારત વિશે આગમન ભારતવાસીઓને "સુધારવા" અર્થે થયું હતું. "ખરે અવતર્યા અંગ્રેજ સુધારવા જોઈ :પૃ. ૮૭:. એ જ રીતે, કવનના ઉતરકાળમાં પણ અંગ્રેજ સલ્તનત વિશે શ્રધ્ધાભાવ ધરાવતો નર્મદ આપણને જોવા મળે છે. એ સમયે લખાયેલાં જયશ્રી કૈસરે હિંદ વિકટોરિયા, કોનોટના ડયૂક - રાણી-જાયાને આવકાર, પ્રિન્સ ઓફ વેલ્સની ભારતખંડમાં પધરામણી, ઇલબર્ટ બીલ સંબંધી જેવાં કાવ્યોમાં મહારાણીનું રાજ્ય ભારતમાં ક્ષેમકુશળતા પૂર્વક ટકે એવી નર્મદઇચ્છા પ્રગટ થયેલી છે: "મહારાણીનું રાજ,ક્ષેમ રહો આ દેશમાં" :પૃ. ૯૩૪:. "દેશવિદેશે તો દીપે, તેજવાળું માહારાણીજીનું તાજ" :પૃ. ૯૨૭:, "સુણો પ્રિન્સ રૂડા, હકક દીધા અમને અંગ્રેજી રાજે" :પૃ. ૯૨૮: જેવી પંકિતઓમાં નર્મદની વિદેશી સલ્તનત વિશેનો પ્રશંસાભાવ અછતો રહી શકતો નથી. "ધર્મવિચાર" માં તો એણે સ્પષ્ટ કબૂલાત કરી છે: "પરદેશી ખ્રિસ્તી ઈંગ્રેજો જેટલું જેવું સુખ દેશી પરધર્મીલોકને સઘળી જાતને સરખી રીતે આપે છે તેવા છસેં સત્યાસી વર્ષના કાળમાં :૧૧૯૩ પછી: કોઇ હિન્દુ કે મુસલમાન રાજ્યે આપ્યું છે? ના: રાજ્ય સારૂં છે... રાજનીતિ બગડવા માંડી છે એમ સમજૂકો કહે છે, પણ તેઓ નથી ઇચ્છતા

કે રાજ્ય જાય." [૨]

એમ માની શકાય કે કવિકારકિર્દીના આરંભમાં નર્મદનું અંગ્રેજો પ્રત્યેનું વલણ ઘડાઇને ઘાટ પામવાની પ્રક્રિયામાંથી પસાર થતું હશે. એ વલણ કૂણું જણાય છે. કવિ તરીકેના મધ્યકાળમાં અંગ્રેજ અમલનો એ કડક ટીકાકાર રહયો છે, પણ કવનના અંતિમકાળમાં, વિશેષત: ૧૮૭૦ પછી એ સુધારાના સેનાનીમાંથી સંરક્ષકમતવાદીઓનો આગેવાન થઇ બેઠો હતો. ૧૮૭૦ પછીનો ઉત્તરનર્મદ જેમ ધર્મક્ષેત્રે રૂઢિચુસ્ત બની ગયો, એમ રાજકીયક્ષેત્રે પણ વધુ પ્રગતિવાદી બનવાને બદલે અંગ્રેજઅમલનો એકાંતિક પ્રશંસક બની ગયો હતો. ધર્મ અંગેના એના વિચારપરિવર્તન સાથે એની રાજકીયદષ્ટિનું પરિવર્તન સંકળાયેલું લાગે છે. અહીં સ્પષ્ટ કરવું જોઇએ કે નર્મદ એના કવનના મધ્યકાળ :૧૮૫૯-૧૮૬૮:માં અંગ્રેજ અમલનો જ્યારે આક્રમક ટીકાકાર રહયો હતો ત્યારે પણ એના મનમાં નિર્ભેળ રાજકીય સ્વાતંત્ર્યનો આધુનિક ખ્યાલ ઉદિત થયેલો હોય એવું તો લાગતું નથી.

હવે નર્મદનાં વચ્ચેના ગાળાનાં કાવ્યો તપાસીએ. નર્મદની રાષ્ટ્રીય અસ્મિતાનું ઉદ્દામ સ્વરૂપે પ્રગટીકરણ એ કાવ્યોમાં થઇ રહે છે... ૧૮૫૭ના બળવાના વાતાવરણનું ડહોળાણ શમી ગયા પછી, વિશેષ પક્વ માનસ-સ્થિતિમાં ૧૮૬૩ માં આરંભાયેલ "હિન્દુઓની પડતી"માં નર્મદ બળવાના આગેવાનો વિશે પહેલાં કરતાં જુદું જ વિચારે છે. "બંડખોરો" પ્રારંભમાં એને "લૂણહરામી" તથા "દુષ્ટ-અમર્યાદ" લાગ્યા હતા, જ્યારે "હિન્દુઓની પડતી"માં એમની જ ઉત્સાહપૂર્વક કરાયેલી પ્રશંસા એના માનસવિકાસની એક સૂચક વિગત લાગે છે:

"રાજવંશી તે ખરો, ખરો ખટપટિયો ન્હાનો,
ગુપ્ત રહીને કર્યાં, જીવનસટ્ટાનાં કામો,
રણશૂરો નહિ તેહ, વળી બહુ દુષ્ટ લેખાયો,
હું ના માનું વાત, ધણો વેશે દેખાયો !
રણજોધ્ધો પ્રખ્યાત, તાતિયા ટોપી ટેડો,
ગભરાવ્યા અંગ્રેજ, લઇ એઓનો કેડો.

બલિહારી છે ગાઉં, ઝાંસીની રાણી તુંને,
કર્યું પરાક્રમવીર, તુંથી છે જસ હિંદુને" : પૃ. ૩૬૪:

ઓકટોબર ૧૮૫૯ માં રચાયેલાં "સ્વતંત્રતા" કાવ્ય પછીની રચનાઓમાં વિદેશીસત્તા પ્રત્યેના નર્મદના વલણમાં પરિવર્તન આવેલું દેખાય છે. હવે પછી નર્મદ સ્પષ્ટરીતે બળવાખોર કવિ બની જાય છે એવું અહીં અભિપ્રેત નથી, પરંતુ એનાં આરંભકાળનાં કાવ્યોની સરખામણીએ અંગ્રેજો તરફના એના વિશેષ આક્રમક વલણની પ્રતીતિ તો એમાં થાય જ છે. આ વચ્ચેના ગાળામાં અનુક્રમે ૧૮૬૨ જાન્યુ. તથા ૧૮૬૩ મેમાં રચાયેલાં "આલબર્ટનું મૃત્યુ - રાણીને દિલાસો" તથા "મહારાણી વિકટોરિયાના મોટા છોકરાના લગનની ખુશાલીનાં ગીત" વળી મળે છે. પણ એ કૃતિઓમાં સલ્તનતભકિત કરતાં વ્યકિત વિકટોરિયા પ્રત્યેનો કવિનો આદરભાવ વિશેષ કામ કરતો જણાય છે. અંગ્રેજોનું રાજ્ય ગમે તેવું અકારું લાગતું હોય તે સ્થિતિમાંય ૧૯મી સદીના ગુજરાતી કવિઓની વિકટોરિયા પ્રતિની ભકિતને કશી આંચ આવેલી દેખાતી નથી.

૧૮૫૯માં બેટમાં અંગ્રેજોએ વાધેરોને હરાવ્યા, ત્યાંના મંદિરો લૂંટયાં. એ સમાચાર વાંચીને નર્મદે "જબરા આવેશમાં" આવી જઇને લખેલા "સ્વતંત્રતા" કાવ્યમાંથી જણાય છે કે બેટદ્વારકા ઉપરનો અંગ્રેજોનો હુમલો એને રુચ્યો નથી. એ કૃતિમાં નર્મદે "પરદેશી રાજાનો પ્રજાપ્રતિ ધર્મ" સમજાવ્યો છે. નર્મદના મતે જે રાજા પોતાના અને પારકાના ભેદભાવો તજે છે, અન્ય "ધર્મજાતરંગ"-ના પ્રજાજનોને જે દૂભવતો નથી, "યોગ્ય દેશિને દિયે પદો ઉંચાં જ આદરે" :પૃ. ૯૦:, "પૂછિને કરે લડાઇ જે પ્રજા સુપાત્રને", "સર્વ સંપ તે સુખી પ્રજા નિહાળિ જે કરે"," રોજ જે પ્રજાની સાથ મિત્રતા વધારતો" :પૃ. ૯૧, "તે જ ધીરવીર રાજ રાજ્યસિંધુને તરે" :પૃ. ૯૭:. બ્રિટિશઅમલની ભારત પરત્વેની ફરજો વિશેની નર્મદની મુખ્ય મુખ્ય અપેક્ષાઓ અહીં શબ્દબધ્ધ થયેલી છે. બેટદ્વારકા ઉપરના અંગ્રેજોના હુમલાના પ્રસંગમાં એ અપેક્ષાઓ ફલિતાર્થ નથી થઇ એવું ઈંગિત પણ એમાંથી મળી રહે છે.

નર્મદ, એ જ રીતે, "પ્રજાનો રાજા પ્રતિ ધર્મ" સમજાવે છે:

"સ્વદેશાભિમાનથી ફિતૂર બંડ ના કરે,
પ્રજા સજાત જાણવી સુરાજભક્તિ આચરે.": પૃ. ૯૩:

રાજા જો માઝા મૂકે તો પ્રજા જરૂર એનો સામનો કરે, પણ તે ફિતૂરબંડ દ્વારા નહિ, પણ "સુસભ્યતા"ના માર્ગે. પ્રજાની વાજબી આકાંક્ષાઓને રાજા સંતોષે અને પ્રજા "સુરાજભક્તિ" દાખવે, તે નર્મદને મન "સ્વતંત્રતા"ની એક આદર્શ સ્થિતિ જણાય છે. નર્મદ કહે છે:

"હિંદુઓ હવે ખસૂસ હોંસ દિલ આણજો,
યોગ્ય જે સ્વતંત્રતામતા ન તુચ્છ જાણજો,
છો તમે ગુલામગીરી શત્રુશસ્ત્રઘાયલ
રોગમાં રિબાઇ છો થયા પથારીઝાયલ".: પૃ. ૯૪-૯૫:

આ ગુલામગીરી એટલે "રાજધર્મરૂઢિ"નું ત્રિવિધ દાસત્વ. નર્મદનાં કાવ્યોમાં ઘણે સ્થળે "ગુલામી" તથા "સ્વતંત્રતા" શબ્દો વપરાયા છે:

"જેટલા દિસે છ માનવી હકો ઘણા ઘણા
મૂખ્ય છે સ્વતંત્રતા નથી જ તેહમાં મણા.
આવશે દિ કે દિ કે છુટશું ગુલામીથી?" : પૃ. ૧૦૦:

નર્મદનાં કાવ્યો સમગ્રતયા વાંચતાં એવી છાપ પડે કે ગુલામીનો ઉલ્લેખ કરતી વેળાએ એની નજર સમક્ષ મુખ્યત્વે વહેમો-કુરૂઢિઓનાં બંધનો રહ્યાં છે. ગુલામીમાંથી કયારે મુકત થઇશું? – એવો પ્રશ્ન પૂછયા પછી તરત જ એ કહેવાનો:"હિમ્મતે ન હારી ભાઇ ઝટ્ નાતરાં કરો" : પૃ. ૧૦૦: "સમજી સુજન મંડો ભાંજવા બેડીતાળું" : પૃ. ૧૦૧:. બેડીતાળું શબ્દ વિશેની પાદનોંધમાં નર્મદ કહે છે: "વહેમરૂપી બેડીનું તાળું." દાસપણું, છૂટ : સ્વતંત્રતા: જેવા શબ્દો રૂઢિના સંદર્ભમાં નર્મદ વારંવાર પ્રયોજે છે. "જે દાસપણું આપણા લોકોએ સ્ત્રીઓને આપ્યું છે.." "સ્ત્રીઓ પોતાની મેળે યોગ્ય છુટ નહીં લે..[3] "રૂડી છૂટ સહુ સ્ત્રીને જ મળી" : પૃ. ૯૨૮: "...જાતિનું બંધન અહીં માણસની છુટ-સ્વતંત્રતાને રૂંધે છે, ગભરાવી અટકાવે છે." : પૃ. ૭૦૪:. "છૂટથી વધે જ નૂર તેજ માનવીતણું" : પૃ. ૯૯:. નર્મદને મન સ્વતંત્રતા એટલે વિવેકબુધ્ધિમાંથી જન્મેલી "શુધ્ધમર્જિશક્તિ" : પૃ. ૯૭-૯૮:. આ મુખ્યત્વે રૂઢિની ગુલામીની

વાત થઇ. ત્યારે, રાજ્યની ગુલામીમાંથી મુકત થવાની ઇષ્ટ સ્થિતિ એને કઇ લાગે છે? રાજકાજમાં પ્રવીણ થઇને, શામિલ થવું, રાય પાસે હક્કો માગવા, એમાં ઉપર્યુકત પ્રશ્નનો ઉત્તર મળતો જણાય:

" રાજકાજમાં પ્રવીણ થાવું ચોંપ રાખીને,
રાયપાસ માગવા હકો પ્રસંગ તાકીને." :પૃ. ૧૦૦:

૧૮૬૮માં લખાયેલાં કાવ્યોમાં નર્મદ સ્વતંત્રતાના ઉલ્લેખો કરે છે ત્યારે પણ એનો પેલો દસેક વર્ષ જૂનો ખ્યાલ પ્રગટ થાય છે. "રૂઢિ ધરમ ને રાજતણાં સહુ, છેયે જ નીચા દાસ" :પૃ. ૫૬૮: આ ત્રિવિધ દાસત્વને અનુલક્ષીને એ કહે છે:

" ધિ:ક ધિ:ક દાસપણું દાસપણું,
બળ્યું તમારૂં શ્હાણપણૂં." :પૃ. ૫૭૧:

રાજકીય ગુલામી એને ખૂચતી હોય, એની સામે હૃદયમાં અસંતોષ જાગતો હોય એવું ઘણી જગ્યાએ લાગે છે. ગુલામગીરી ભોગવવાની ભારતીય પ્રજાને કોઠે પડી ગયેલી રીઢી આદત સામે એ કયારેક પુણ્યપ્રકોપ ઠાલવે છે:

"એક જશે ને આવશે બીજો, હવે સંતોષને છાંડો,
..નર્મદાશંકર જયજયવાણી, સ્વતંત્રતાશું લાડ લાડો." :પૃ. ૫૫૫:

+ + +

"સ્વતંત્રતા વણ ગુજારવા દી, મરણ તેથી સારૂં.":પૃ. ૫૬૪:

+ + +

"સ્વતંત્રતાયશ વણ કોઇપણ દેશ કદાપી ન રીઝે". :પૃ. ૫૭૬:

"વીરસિંહ" માં, કદાચ અંગ્રેજોના રાજ્યને જ અનુલક્ષીને, એણે કહયું છે. "દુ:ખમાં દુ:ખ, જનને મોટ, પ્રદેશી રાજ" :પૃ. ૪૯૫:. સ્વતંત્રતા અને સ્વરાજ્ય જેવા શબ્દો એ પ્રયોજે છે: "સ્વરાજ્યકીર્તિ વધારવાને" :પૃ. ૫૭૬:. પરંતુ ટિળકે જે રાજકીય અર્થમાં "સ્વરાજ્ય" શબ્દ પાછળથી પ્રયોજ્યો હતો :સ્વરાજ્ય એ મારો જન્મસિધ્ધ હક્ક છે": એ અર્થ નર્મદના મનમાં સ્પષ્ટરીતે સાકાર થયેલો નથી જણાતો. ઈંગ્લાંડ જેવા દેશની સ્વતંત્રતાનો એને ખ્યાલ છે, પરંતુ ભારતમાંથી અંગ્રેજો ચાલ્યા જાય અને ઈંગ્લાંડની જેમ જ ભારત સ્વતંત્ર

૨૧૭૮ બને એવું નર્મદે વાંછ્યું હોય એમ જણાતુ નથી. બહુ તો એ એમ કહેવાનો કે ઈંગ્લાંડથી રાજ્ય કરવાને બદલે રાણીએ પોતાના કોઇ વંશજને ભારતમાં વંશપરંપરાગત રીતે રાજ્ય કરવા માટે મોકલી આપવો જોઇએ ! પરંતુ આ મુદ્દાનો થોડો વિગતે ઉલ્લેખ પાછળથી કરીશું.

દેશમાં સમાજસુધારો કરીને વહેમ અજ્ઞાન ઇ. નાં બંધનો તોડવાં, ધાર્મિક ભ્રષ્ટાચાર દૂર કરવો, દેશજનોએ સંપ કરવો, હુન્નરઉદ્યોગો દાખલ કરી દેશની આબાદી વધારવી, દેશનાં નાણાંને ઈંગ્લાંડ ઘસડાઇ જતું અટકાવવું, રાજ્ય પાસે વધુ ને વધુ હક્કો માંગવા°°, રાજ્યકારોબારમાં હિસ્સો લેવો ("હાં રે તમે દરબારી કામમાં પેશો" પૃ. ૧૦૪:) – આ બધું "સ્વતંત્રતા"ના અર્થવિસ્તાર જેવું નર્મદને લાગતું હોય એ સંભવિત છે. નર્મદને મન સ્વતંત્રતા એટલે અંગ્રેજો સાથેના સંબંધોનો સર્વથા વિચ્છેદ સાધીને સિધ્ધ થતું દેશનું રાજકીય સાર્વભૌમત્વ નહિ, પણ સ્વતંત્રતા (છૂટ) એટલે જડ સુસ્ત ચેતનહીન બની ગયેલા દેશને સ્ફૂર્તિમંત બનાવવાનો વીજળીચમક-ધક્કારૂપ ઇલાજ:

"વીજળીચમકધક્કા, લો તમે છૂટરૂપ,
અતિશ પસરી રહેશે, અંગમાં ભારી ઝૂમ" : "સ્વતંત્રતા" કાવ્ય પૃ. ૧૦૨:

સંસારસુધારાકાળના કેટલાક કવિઓ ભારતના તેજસ્વી ભૂતકાળ સામે જોઇને એની વર્તમાન પામરદશા માટે નિઃશ્વાસો મૂકયા કરે છે. નર્મદ એથી જુદો સૂર કાઢીને વર્તમાનકાળમાં પુરુષાર્થ કરવાનો ઉદ્‌ઘોષ કરે છે. ભૂતકાળ સામું જોઇને નિસાસા નાખવાને બદલે ઇહજીવનાભિમુખ દષ્ટિકોણ કેળવીને પ્રજા સમક્ષ પુરુષાર્થનું આવાહન મૂકતાં કાવ્યો રચવામાં નર્મદની કવિ તથા સ્વદેશભક્ત તરીકેની વિશેષતા જોઇ શકાય.

"રડ્યાં કરે શૂં વળશે, ભાઇ, રડયાં કરે શૂં વળશે,
ભૂતતણો બહુ શોક કરંતાં, ભવિષ્યમાં શૂં મળશે?"
...કમર કસી તજવીજો કરંતાં, ઉદ્યમ ઝાઝો ફળશે." : પૃ. ૨૪૨:

ઇહજીવનાભિમુખતામાંથી પ્રગટેલુ આ વલણ છે. દેશના પતનના એક કારણ

---

°° "ઘણું શું કહું હું લોકો, ઝબકી ઝટ્ટ જાગો,
ઘટિત સકળ રીતે, આપના હક્ક માંગો." : "સ્વતંત્રતા" કાવ્ય પૃ. ૧૦૨:

તરીકે મધ્યકાળમાં દેખાતી દેશજનોની પરલોકાભિમુખતા પ્રત્યે નર્મદે યોગ્ય રીતે જ આંગળી ચીંધી છે. "મૂકી પૃથ્વિની વાત, સ્વર્ગની કરવા માંડી" :પૃ. ૩૨૬:. ઇહજીવનમાં પ્રગટેલા રસને કારણે દેશજનોનાં દારુણ દુ:ખ દેખીને નર્મદનું દિલ દાઝતું હશે: "દેખી દારૂણ દેશીનાં દૂખ, નર્મદદિલ દાઝે છે." પછીની પંક્તિમાં નર્મદનું રજોગુણી માનસ પ્રગટ થાય છે: "પેખી પરદેશીનાં ઊંચ સૂખ, નર્મદદિલ દાઝે છે." :પૃ. ૫૬૮:.

પ્રેમ-શૌર્ય એ નર્મદનો જીવનમંત્ર. શૌર્યનો મંત્ર દેશમાં પ્રગટાવવા માટે નર્મદ ઝઝૂમ્યો છે. નર્મદની દેશદાઝ ઉત્કટ કોટિની છે. એવી દેશદાઝ જ્વલંત બનીને પ્રકાશતી રહે તો જ દેશના ઉજ્જ્વળ ભવિષ્ય વિશે આશા:

"દેશદાઝ જાંલગી જીવતી, તાંલગી સઘળી આશા,
ભાંચ ધન સહુ પાછાં મળતાં, પડંત સવળા પાસા.":પૃ. ૫૫૯:

નર્મદને દેશ માટે ઊંડી પ્રીતિ છે, પણ એ અંધપ્રીતિ નથી. માટે,"ફરી જોબનિયું આપે" એ પ્રસિધ્ધ પદમાં, દેશ એની વર્તમાન અવનતદશાને પાત્ર જ હતો એમ દર્શાવે છે:

"ભરજોબનમાં બન્યો વૃધ્ધ તે, તારે યોગ્ય સરાપે,
તનમનધન તે ગુમાવી બેઠો, લે, લાલે મદઆળસને પાપે."
:પૃ. ૨૪૧:

અર્વાચીન ગુજરાતી કવિતામાં દેશ માટે મર્દાનગીભર્યો સૂર સૌ પ્રથમ નર્મદે કાઢ્યો છે:

"હમે મરીશૂં દેશ રાખીશૂં, એમ અભિમાન કરવૂં રે" :પૃ. ૨૪૬:

સમષ્ટિહિત માટેની એની તમન્ના શૂરવીરનાં લક્ષણો દર્શાવતાં પદોમાં આવિષ્કૃત થયેલી છે:

"દેશતણું હિત ચ્હાવૂં, ભાઇ, દેશતણૂં હિત ચ્હાવું,
દેશકામમાં જુદાં પડીને, લડતાં નહિ પડી જાવૂં":પૃ. ૨૪૧:
+ +
"હમે મરીશૂં દેશ રાખીશૂં, એમ અભિમાન કરવૂં રે'
..ઝાંસા શા ખાવા ભાઇ, હિણપત મોટી નામરદાઇ."
:પૃ. ૨૪૬:

અંગ્રેજો વિશેનાં કેટલાંક સ્પષ્ટ કથનો નર્મદે કર્યાં છે. "વહેમનો કોટ તોડી પાડવા વિષે" એ કાવ્યમાં અંગ્રેજો ભારતમાં કઇ રીતે રાજા થઇ બેઠા તે દર્શાવતાં નર્મદ કહે છે:-

"કેદિ યજમાન તે હાજી, પરોણો છે થયો કાજી,
હવે એ કહે છે પાજી, અરે કોઇ શૂર દીલ દાઝી" :પૃ. ૨૫૭:

એ કાવ્યની પાદટીપમાં નર્મદ લખે છે. "એ પરોણો કાજી, જજમાન કેદીને (દેશીઓને) પાજી- કૂછ નહિ સમજતા હે - એમ કહે છે."

અંગ્રેજ સલ્તનતે ભારતવાસીઓ પાસેથી શસ્ત્રો લઇ લીધાં. પરિણામે પ્રજા નિર્વીર્ય બની એનું નર્મદને દુ:ખ છે. "હાય શસ્ત્ર લઇ લીધાં રાજે" :પૃ. ૫૭૨:. એ દુ:ખથી હતાશ થવાને બદલે નર્મદ સંકલ્પ કરે છે:-"કાં તો મરવૂં, કાં તો લડવૂં, હવે જીવવૂં ભુંડૂં" :પૃ. ૫૭૨:. નર્મદની રાષ્ટ્રીયઅસ્મિતા ઉદ્દામ શૌર્યત્વના સ્વરૂપે પ્રગટેલી છે. અદમ્ય આશાવાદી કવિ નર્મદની વીરત્વના જુસ્સાથી ધબકતી વાણીમાં વિજયનો ટંકારવ સંભળાય છે:

"સમરપંથ સમરપંથ લક્ષવો હવે,
એ જ છે નિર્માણપંથ લક્ષવો હવે,
મરણ કાં તો જયના રંગ બીજું ના લહુ." :પૃ. ૫૮૪:

સ્વાતંત્ર્ય માટે યુધ્ધ કરનાર રાણો પ્રતાપ નર્મદને યાદ આવે છે. રાણા પ્રતાપનું સ્મરણ સ્મશાનશાંતિમાં ડૂબેલાં દેશી રજવાડાંની હાલત વિશે નર્મદમાં વિષાદ પ્રેરે છે:

"નથી આજ કોને ખરી દેશદાજ, સ્મશાનો દિસે છે સહુ દેશિરાજ !
ખરે સ્વપ્ન જેવા થયા પૂર્વરંગ ! ઉઠો રાજપુત્રો હવે દાજિ અંગ !"
:પૃ. ૫૮૭:

દેશની અવનતિ માટે વેદના અને દેશની ઉન્નતિ માટે પુરુષાર્થ કરવાની તમન્ના, એકી સાથે, નર્મદની કવિતામાં દેખાય છે. નર્મદના હૃદયનાં શૌર્ય, ઉત્સાહ, આવેગ તથા દૃઢ નિર્ધારશકિતને મૂર્તિમંત કરતી નીચેની વેગીલી, ત્વરિત પ્રવાહે વહી જતી પંકિતઓ નોંધવા જેવી છે:-

"હાં હાં રૂડાં રણશૌર્ય દાખીશું, હાં હાં ભુંડાં શત્રુ આંટી નાખીશું,
જય જય થતાં લગી જરી ન ઝંપીશું, કનક કુટુંબ પ્રાણ સધું અર્પીશું. -

આપણે ગુજરાતી, આપણે ગુજરાતી" : પૃ. ૭૦૯:

નર્મદનાં શૌર્યોદબોધનનાં કાવ્યોમાં ધમક જુસ્સો દૃઢતા સ્વસ્વાભિમાન સાહોત્સુકતા સેનાનીભાવ તથા દેશ માટેની બલિદાનવૃત્તિનાં દર્શન થાય છે.

નર્મદ દેશનો એક્યના અખંડ સ્વરૂપમાં વિચાર કરી શકે છે. રાષ્ટ્રનું સર્જન ક્યારે શક્ય બને? "ધર્મ રીત ભાષા સંબંધી, ઐક્ય દેશનુ થાએ" : પૃ. ૫૭૬:. રાષ્ટ્રીય ઐક્ય વિશે વ્યવસ્થિત વિચાર કરનારો નર્મદ આપણો પહેલો કવિ છે. "વિના વાણીનું ઐક્ય, વિના કહું ઐક્ય ધરમનું: રાજઐક્ય વણ જોર, નકામૂ દેશીજનનૂં." : પૃ. ૩૭૮: દેશવાસીઓને સાંકળવા માટે એક સામાન્યભાષાની જરૂરત નર્મદને ઘણી વહેલી સમજાઇ હતી.

"નથી હમારામાંહ્ય, દેશની એક જ ભાષા" : પૃ. ૩૭૯:

હવે નર્મદનાં બે લાંબાં કાવ્યો "હિંદુઓની પડતી" તથા "વીરસિંહ" જોઇએ. મહાકાવ્ય લખવાની આશાએ નર્મદે "હિંદુઓની પડતી" શરૂ કરેલું, પણ એ કાર્ય અધૂરૂં રહ્યું. હિંદુદેશ એટલે નર્મદને મન હિંદદેશ. હિંદદેશના "ભૂંડા હાલ"ને કારણે નર્મદને ખેદ થાય છે. દેશની વિદ્યા તથા ધર્મ સંબંધી પડતી થઇ. દેશ કુરૂઢિગ્રસ્ત બન્યો, દેશીરજવાડાંના રાજવીઓ "ગુલતાન"-માં ડૂબી ગયા, કાયદાનું ત્યાં રાજ્ય ન રહ્યું. :"વગર કાયદે ન્યાય, થાય દેશીરાજોમાં" : પૃ. ૩૪૮:, દેશના આવા ભૂંડા હાલને દૂર કરવા માટે નર્મદને જ્ઞાનશક્તિ તથા કર્મશક્તિ જરૂરી જણાયાં છે. દેશોત્કર્ષ માટે દેશાભિમાન ધરાવવાની પણ નર્મદને આવશ્યકતા લાગી છે. એને મન તો દેશાભિમાન રાખે તે જ માણસ. "દેશ-ભક્તિ-અભિમાન, જેહ રાખે તે માણસ", "મનુશાદેહમાં પ્રેમ, દેશનો સહુથી ઉંચો" : પૃ. ૩૫૯:

"હિંદુઓએ એક નિશ્ચય ને એક સંપથી મોટા સમુદાયમાં મોટાં જુધ્ધો કરેલાં" હોય એવા ભૂતકાળના છ પ્રસંગો નર્મદ યાદ કરે છે. એમાંનાં ત્રણ યુધ્ધો તો મુસલમાનો સામેનાં હતાં: મહમૂદ ગઝનવી સામે સોમનાથની રક્ષા કાજે થયેલું યુધ્ધ, શાહબુદ્દીન ઘોરી સામે પાણીપતના મેદાનમાં પૃથ્વીરાજે ખેલેલુ યુધ્ધ તથા એજ મેદાનમાં ઇ.સ. ૧૭૬૧ માં પહેલા બાલાજી બાજીરાવના

વખતમાં મરાઠા અને મુસલમાનો વચ્ચે થયેલું યુધ્ધ. આ લડાઇઓમાં હિન્દુઓનો પરાજય થયો હતો, પણ નર્મદના મતે હિન્દુઓનું શૂરત્વ વખણાયું હતું. અહીં, અંગ્રેજોની જેમ મુસલમાનો પ્રત્યે પણ નર્મદ ઉમળકાનો ભાવ અનુભવતો હોય એવું જણાતું નથી. પણ એક બાબતમાં મુસલમાનો નર્મદને અંગ્રેજો કરતાં સારા લાગ્યા છે. મુસલમાનોએ દેશમાં જુલમો ગુજાર્યા, પરંતુ "રહયા લહી નિજ દેશ, અહીંયાં મુસલમાનો" :પૃ. ૩૫૧: જ્યારે અંગ્રેજો તો એક અલગ ન્યાત તરીકે ભારતમાં રહયા અને વળી પાછાં મૂળ રાખ્યાં ઇંગ્લાંડમાંહી.... ઔરંગઝેબના હિંદુઓ ઉપરના જુલમોનો ઉલ્લેખ કરતાં જ કવિને ઔરંગઝેબનો મદ ઉતારનાર શિવાજી યાદ આવે છે:

"ધન શિવાજી શૂર, ગમે તેવો પણ હિંદૂ,
જન ગમે તે કેહ, તોય હૂં તો નહિં નિંદૂ" :પૃ. ૩૭૨:

શિવાજી જેવા મર્દોનું નર્મદે સરસ ચિત્ર દોર્યું છે:

"મર્દ તેહનૂં નામ, રહે નહિ ધાવ લિધાથી,
પડયો પડયો પણ કહે, કહાડ શત્રૂને અહાંથી" :પૃ. ૩૭૩:

ગોરા-કાળા વચ્ચેના ભેદ નર્મદને સાલ્યા છે. "ધની કુલીનનો ન્યાય, ચૂકવે નીચી કોરટ", જ્યારે "ગોરા નીચનો ન્યાય, ચૂકવે ઊંચી કોરટ". "નીચકુળનો મુર્ખ, નવો અણવાકફ ગોરો" ઊંચા પદ ઉપર બેસીને કુલીન દેશવાસી ઉપર "ઉંચો..ડોળો કરે તે સ્થિતિ જ નર્મદને અસહ્ય લાગે છે. :પૃ. ૩૫૨: એથી નર્મદ સ્પષ્ટ વચનો ઉચ્ચારે છે:

"દેશિરાજથી સૂખ, દેશિપરજાને હોએ" :પૃ. ૩૮૧: આવું કહયા પછી કાવ્યને અંતે તો અંગ્રેજો સાથે સમાધાનભર્યું વલણ એ દાખવે છે. આપણે ભારત-વાસીઓ હમણાં રાજ્ય કરવાને લાયક નથી, તેથી "સુખે કરે તે :અંગ્રેજો: રાજ, આપી હક પ્રજા તણા રે". અંગ્રેજો ભારતવાસીઓને હકકો ન આપે તો? "સામ થઇશૂં તોય, ખોટું ઇશ્વર નહિ કહેશે." :પૃ. ૩૮૯: અંગ્રેજો સામેની લડતમાં ફાવ્યા તો ઠીક છે, ના ફાવ્યા તો "કંઇ પણ તેમાં વળશે". "કંઇક વળશે" એનો નર્મદ આ રીતે સ્પષ્ટાર્થ કરે છે:

"ઇંગ્લંડથી છુટી, અહીં નિત રાજ ચલવશે,
રાણિવંશજો તેથિ, આપણી સંપત વધશે.

મોગલાઇને પેઠે, અંગરેજ અહિં રેશે,
તેથી તનમનધન, દેશિના દીપી રહેશે." :પૃ. ૩૯૦:

કોઇ રાણીજાયો : વિક્ટોરિયા વંશ જ: ભારતમાં મોગલોની પેઠે વંશપરં-પરાગત રાજ્ય કરે, એવી કવિની ખ્વાહીશ છે. નર્મદના શબ્દોમાં કહીએ તો, "રાણીના કોઇ વંશરાજની ગાદી અહીંયા જ વંશપરંપરા જાથુ રહેવી જોઇએ" :પૃ. ૩૯૦:. એમ થાય તો દેશમાં બધાં રૂડાંવાનાં થઇ જશે એવી મુગ્ધ પરંતુ વાસ્તવિકતાવિમુખ શ્રધ્ધા નર્મદ ધરાવતો હતો. જગતનો ઇતિહાસ લખનાર નર્મદ એટલું સમજી શકયો લાગતો નથી કે ઇંગ્લાંડનો રાજા એ ખરો રાજા નથી: In England, King reigns, but does not rule.

ખરો રાજા હોય તો પણ ભારતમાં માત્ર રાજ્ય કરવા આવ્યેથી બ્રિટિશ સલ્તનતનું ભારતશોષક સ્વરૂપ આપોઆપ નષ્ટ થઇ જશે એવું માની લેવાને પણ કારણ નહોતું. નર્મદ એટલું સમજે છે કે દેશની દોલત દેશમાં રહે તેવું કંઇક થવું જોઇએ. એ માટે એને ઉપર્યુકત ઇલાજ અસરકારક લાગ્યો હતો.

વીરરસપ્રધાન કવિતા લખવાના હેતુએ ૧૮૬૬ માં નર્મદે "વીરસિંહ"ની શરૂઆત કરી. પરંતુ ૧૮૬૭ માં એ કવિતાને "સદા જ અપૂર્ણ" છોડી. "વીરસિંહ" ના લેખનનો ઉદ્દેશ દેશાભિમાન જગાડવાનો હતો. "વીરસિંહ"માં એક કલ્પના-કથા ગૂંથીને એ વ્દારા નર્મદે ખુલ્લા પાડયા તો છે અંગ્રેજોને. અંગ્રેજોને જે સીધે સીધું કહી શકાય એમ નહોતું તે નર્મદે "વીરસિંહ"માં પરોક્ષરીતે ઉગ્ર ભાષામાં કહયું છે. કારાગૃહમાં પૂરાયેલો કાવ્યનાયક વીરસિંહ દેશની પરતંત્રતા વિશે શોક કરે છે: "ઓ સ્વતંત્રતા જનદેવી, રૂઠી ગઇ કયાંહ?.. મુજ જન થયા પરતંત્ર, હું પણ પરતંત્ર, પ્રદેશીતણી, ખાઇએ લાત." પરદેશીઓ રંગમાં રમે તથા દેશવાસીઓને તુચ્છ ગણી દમે,એનો શોક કવિને થાય છે. નર્મદની દેશભક્તિની કવિતામાં દર્દ દેખાય છે એ વાત સાચી, પણ શ્રી.રા.વિ. પાઠક કહે છે એમ, "તેનો મુખ્ય ભાવ-પ્રધાનસૂર-વીર જ છે. દર્દ પણ તેને ઉત્સાહ પ્રેરે છે." ૪

અંગ્રેજોની કૂટ વણિકનીતિ વિશે નર્મદે તુચ્છકારમાં કેટલાંક વચનો ઉચ્ચાર્યાં છે: "રે વેપારી બકાલ, મૂકી કુળલાજ, કરે મુજ રાજ, એકચકવે શું?" "રે

"રે રાજકોશ લઇ લિયે, પ્રદેશી દગે" :પૃ. ૪૮૯-૪૯૦:. વેપારીઓનો સ્વાંગ સજીને અંગ્રેજોએ ભારતને દગાફટકાથી જીતી લીધો, શૂરવીરના નૂરરૂપ શસ્ત્રો એમણે ખૂચવી લીધાં. વેપારનો પરવાનો લેતી વખતે એમણે વચન આપ્યું હતું કે "રાજમાં હાથ ઘાલશું નહીં" :પૃ. ૪૯૫: પરંતુ વેપારીના અંચળા નીચે છુપાઇને તો એમણે આખા દેશને કબજે કરી લીધો. આવાં સ્પષ્ટ કથનો કરીને નર્મદ પોતાના અંતરની માન્યતા પ્રગટ કરે છે: "પ્રદેશી થકી, ખરે નવ કદી, રાજ ચલવાય." :પૃ. ૪૯૪: પરદેશી રાજ્યને દેશ ઉપરની મોટામાં મોટી આફત તરીકે નર્મદે જોયું છે. પરદેશી શાસન વિશેનો આવો ઉત્કટ અણગમો નર્મદની કવિતામાં અન્યત્ર કદાચ ક્યાંય પ્રગટયો નથી. આ કાવ્ય અધૂરું રહ્યું છે. એટલે નર્મદની એમાંની અંતિમ વિચારણા વિશે વિધાન કરી શકાય એવું નથી. નર્મદની ઉદ્દામ દેશપ્રીતિના પ્રગટીકરણના એક આખરી સીમાચિહ્ન તરીકે "વીરસિંહ" :૧૮૬૭: ને જોવામાં હરકત જેવું નથી. એ પછી વળતાં પાણી થતાં અનુભવાય છે અને આગળ સ્પષ્ટ કર્યું છે એમ, જીવનના અંતિમકાળ- માં વિદેશી સલ્તનતનો નર્મદ એકાંતિક પ્રશંસક બની રહે છે.

"વીરસિંહ" માં મુસલમાનોએ કરેલી દગાબાજીના કેટલાક તિરસ્કાર- સૂચક ઉલ્લેખો મળે છે, મુસલમાનો માટે "પરદેશી મુસલ્લા નીચ" એવો ઉલ્લેખ પણ મળે છે, પરંતુ એકંદરે જોતાં, "વીરસિંહ"માં કવિના રોષનું નિશાન મુસલમાનો નહિ પણ અંગ્રેજો બન્યા છે. અહીં મુસ્લીમ વિશેના નર્મદના મનોભાવ વિશે સ્પષ્ટતા કરી લેવાનું ઉચિત લાગે છે. નર્મદ-દલપત વિશેનું યથાર્થ મૂલ્યાંકન કરવાનો ભગીરથ પુરુષાર્થ કરનાર શ્રી સંજાના એમના ગ્રંથ "સ્ટડિઝ ઇન ગુજરાતી લિટરેચર" માં નર્મદને સંકુચિત હિંદુત્વવાદી લગભગ કહી બેસે છે. હિન્દુઓને ભારતની કોઇ જાતિ તરીકે નર્મદ જોતો નથી, એક રાષ્ટ્ર તરીકે જુએ છે, ભારતનો વિચાર કરતી વખતે હિન્દુઓને એ કેન્દ્રમાં રાખે છે તે સાચું.[૫] એ હિંદુત્વવાદી જરૂર છે, પરંતુ એને સંકુચિત દૃષ્ટિવાળો ઝનૂની હિંદુત્વવાદી કહી શકાય એમ નથી. એવું બને તો એ હિંદુત્વનો જ નકાર થયો કહેવાય.

નર્મદના મુસ્લીમો પ્રત્યેના મનોભાવને હિન્દુમુસ્લીમ એકતા સ્થાપિત

કરવાના આધુનિક ઉત્સાહયુકત દૃષ્ટિકોણ વડે નહિ, પણ એક હકીકતનિષ્ઠ દૃષ્ટિકોણ વડે જોવો જોઇએ. ભારતમાંનો હિન્દુઓ અને મુસલમાનોનો ઇતિહાસ એકંદરે પરસ્પર સંઘર્ષનો ઇતિહાસ છે. એકલદોકલ મુસ્લીમ બાદશાહો-એ કે સૂબાઓએ હિંદુઓનાં દિલ જીતી લીધાં હોય એવી ઘટનાઓ ઇતિહાસ-માં નોંધાઇ છે. આમ છતાં, મુસ્લીમ રાજ્યકર્તાઓના થયેલા કડવા અનુભવોને હિન્દુપ્રજા સદંતર કઇ રીતે વિસરી શકે? નર્મદના હૃદયમાં મુસ્લીમો પ્રત્યે તિરસ્કારયુકત દ્વેષનો ભાવ નથી. હા, ઉમળકાનો એક પ્રકારનો અભાવ જણાય છે. મુસલમાનો પ્રત્યે ક્યારેક એનામાં સકારણ કડવાશ જણાય છે. નર્મદના એ વલણને આજની બિનસાંપ્રદાયિકતાના ઉત્સાહમાં તણાઇને સંકુચિત માનસનું પ્રતીક ગણી લેવા કરતાં, હિંદુ-મુસ્લીમોના સંબંધોની ઐતિહાસિક ભૂમિકાના પરિપાકરૂપ ગણવું વધારે યથાર્થ ઠરશે. નર્મદમાં તેમજ અન્ય ગુજરાતી કવિઓમાં હિંદુપણાનું કોઇ આંધળું ઝનૂન નથી. જો એમ હોત તો મરાઠાઓ વિશેના ભારે ટીકાત્મક ઉલ્લેખો ગુજરાતી કવિઓએ ભાગ્યેજ કર્યા હોત. એમ હોત તો દેશમાં સ્થાયી ઠરીઠામ થવાની બાબતમાં મુસ્લીમો નર્મદને અંગ્રેજો કરતાં પણ વધુ સારા ભાગ્યે જ લાગ્યા હોત. વાત એમ છે કે, જે રાજ્યકર્તાઓએ પ્રજાને સંતાપી છે, પછી એ મોગલો હોય કે મરાઠાઓ હોય, તે સર્વ પ્રત્યે ગુજરાતી કવિઓએ અંતરનો ઉમળકો અનુભવ્યો જ નથી. જે રાજ્યકર્તાઓએ પ્રજાને રીઝવી છે તે સર્વ પ્રત્યે પ્રજાએ, રાજ્યકર્તા વિદેશી છે કે સ્વદેશી, હિંદુ છે કે મુસ્લીમ, એ કશાને લેખામાં લીધા સિવાય,ભારે કૃતજ્ઞતાનો ભાવ અનુભવ્યો છે.

એ વાત સાચી છે કે હિંદુઓ તથા મુસલમાનો ભારતમાં લાંબા સમયથી સાથે વસવાટ કરતા આવ્યા છે, પરંતુ મુસ્લીમોની વટાળપ્રવૃત્તિ, એમનું ઝનૂન જોરજુલમ વ.ને કારણે હિન્દુપ્રજાના અંતરમાં, એકલદોકલ રાજ્યકર્તા-ઓના અપવાદોને બાદ કરતાં, પ્રેમભર્યું સ્થાન મુસ્લીમો નહિ મેળવી શકયા હોય. આક્રમક વૃત્તિ - વ્યવહાર ધરાવતા મુસ્લીમ રાજ્યકર્તાઓ સાથે પડ્યું પાનું નિભાવી લેવાનું વલણ જો હિંદુઓમાં જણાતું હોય તો તે આશ્ચર્ય-જનક નથી. એક જ ભૌગોલિક પ્રદેશમાં હિન્દુ-મુસ્લીમ બન્ને જાતિઓ વસતી

હતી, પરંતુ કેટલાક સુભગ અપવાદોને બાદ કરતાં, મુસ્લીમ રાજ્યકર્તાઓ માટે બંધુત્વની ઉષ્મા નહોતી અનુભવી શકાતી તે કબૂલ કરવું રહ્યું. હિંદુ-ઓના પક્ષે જ આવો ઉમળકાનો એકંદર અભાવ હતો એમ માની લેવાને કારણ નથી. શરીરથી ભારતીય પણ મનથી અરબી-ઇરાની રહેલા મુસ્લીમો દ્વારા રચાયેલી ૧૯મી સદીના ઉત્તરાર્ધ સુધીની ઉર્દૂ કવિતામાં પણ પોતાના વસવાટની ભૂમિ ભારત માટે પ્રેમભર્યા બોલ બહુ જુજ સાંભળવા મળે છે. એક મહાન ઉર્દૂ કવિએ તો ભારતની ભૂમિને "નાપાક" ભૂમિ કહેલી છે.[૬] નર્મદ પણ "હિન્દુઓની પડતી"માં ૧૮૫૭-'૫૮ના બળવા વિશે લખે છે: "એ વેળા તો હિંદુ ને તેના હાડવેરી જે મુસલમાન તે બંને સાથે મળી ગયા હતાં. :પૃ. ૩૬૪: આવા ઉલ્લેખોને આજના બિનસાંપ્રદાયિક આદર્શવાદ-ની દૃષ્ટિએ સંકુચિત કહેવા હોય તો સંકુચિત કહો, એથી હિંદુ-મુસ્લીમ સંબંધોની વાસ્તવિકતા નિર્મૂલ થઇ શકે નહિ. બીજી બાજુથી, વીસમી સદીમાં હિન્દુ-મુસ્લીમ વચ્ચે જે રાજકીય સ્વરૂપના વિખવાદો થયા, બન્ને વચ્ચેના સંબંધો ઉત્તરોત્તર વણસતા ગયા, તે ભૂમિકાને અનુલક્ષીને, નર્મદે ગઇ સદીમાં મુસ્લીમો વિશે કરેલા ઉલ્લેખોને જોવા-નાણવા તથા એ આધારે નર્મદને સંકુચિત હિન્દુત્વવાદી ઠરાવવાનો પ્રયત્ન કરવો એ યથાર્થ જણાતું નથી.

બીજી એક હકીકત વિશે અહીં જ ઉલ્લેખ કરી લેવો જોઇએ. અંગ્રેજોનું ભારતમાં રાજ્ય સ્થપાયા પછીના નવજાગૃતિકાળમાં હિન્દુઓમાં મુખ્યત્વે હિંદૂતા અને મુસ્લીમોમાં મુખ્યત્વે મુસ્લીમપણું વિકસતાં ગયાં છે. સર સૈયદ અહમદની આગેવાની નીચે મુસ્લીમ રાષ્ટ્રવાદના વિકાસનાં બીજ ૧૯મી સદી દરમિયાન નખાઇ ચૂક્યાં હતાં. એ જ રીતે, ભારતીય રાષ્ટ્રવાદનાં ત્રણ મોટાં કેન્દ્રો બંગાળ, મહારાષ્ટ્ર તથા પંજાબમાં ૧૯મી સદીમાં જે રાષ્ટ્રવાદ વિકસ્યો તે હિંદુતાના રંગવાળો હતો. બંગાળમાં રાષ્ટ્રવાદના પિતા ગણાતા રાજનારાયણ બોઝે, મહારાષ્ટ્રમાં ટિળકે તથા પંજાબમાં સ્વામી દયાનંદે સ્થાપેલા આર્ય સમાજે હિંદુ-રાષ્ટ્રવાદના વિકાસમાં મુખ્યત્વે ફાળો આપ્યો છે. એટલે, નર્મદ તથા એ પછીના ૧૯મી સદીના

ગુજરાતી લેખકોમાં દેખાતી હિંદુત્વભાવનાને ગુજરાતપૂરતી સીમિતસ્વરૂપમાં જોવાની નથી. એને અખિલ ભારતીય સંદર્ભમાં જોવી જોઇએ. એમ જોતાં, એ એક સ્વાભાવિક ઘટના જણાય છે.

"વીરસિંહ" માં "પરદેશી મુસલ્લા નીચ" જેવો કઠોર ભાષાપ્રયોગ નર્મદે કર્યો છે :પૃ. ૪૯૪: મુસ્લીમોએ ભૂતકાળમાં ગુજારેલા જોરજુલમોને પરિણામે હિન્દુહૃદયમાં સંચિત થયેલી કડવાશની નિખાલસ રજૂઆત કરતાં એમાં કાંઇ વિશેષ જોવાને કશું કારણ જણાતું નથી. નર્મદમાં ભાષાની સફાઇ નથી. એના બરછટ ભાષાપ્રયોગના એક નમૂના તરીકે પણ "વીરસિંહ"ના પ્રસ્તુત ઉલ્લેખને જોઇ શકાય. એમ તો, "હિંદુઓની પડતી"માં એક સ્થળે હિંદુઓનો તદ્દન અશિષ્ટ ભાષામાં એણે ઉલ્લેખ કર્યો છે: "ખોઇ દેશ ને ધન, રાંડવા ગંડૂ થઇ સહુ.." :પૃ. ૩૫૮: ગભીર વિષયને નિરૂપતાં કાવ્યોમાં "જોસ્સો" વ્યકત કરવા માટે કયારેક એ લગભગ ગાળાગાળીની કક્ષાએ પહોંચી જાય છે. અંગ્રેજો વિશે પણ એણે તિરસ્કારયુકત વાણીમાં કેટલુંક લખ્યું છે. "ગોરા નીચનો..." "નીચ કુળનો મૂર્ખ... ગોરો." વ. :પૃ. ૩૫૨: આવી પરિસ્થિતિમાં નર્મદની કવિતાનો સમગ્રાભ્યાસ કરનારને "પરદેશી મુસલ્લા નીચ" જેવો નર્મદનો પ્રયોગ આશ્ચર્ય કે આઘાત નહિ પ્રેરી શકે. સુન્દરમે યોગ્ય જ કહ્યું છે કે નર્મદની ભાષા તદ્દન સૂરતી ગોલાશાહી તળપદાપણાથી ઊભરાતી છે."[૭]

નર્મદ જેવો રસિક કવિ પ્રણયના ક્ષેત્રે તો હિન્દુ-મુસ્લીમના ભેદભાવોને શેનો ગાંઠે? વજેસંગ :હિંદુ: અને ચાંદબા :મુસ્લીમ: ની ~~પ્રણયકથાની~~ પ્રણય–કથનીનું આલેખન કરતી વેળાએ એટલે જ એ કહે છે:

"મુસલમાન અલ્લા કહી, માને છે મહમદ,
હિંદુ આતમજ્ઞાનથી, પીછાને અનહદ" :પૃ. ૨૮૪:

અહીં મહત્વની વાત એ છે કે નર્મદનું હિંદુત્વાભિમાન એને અંધ મુસ્લીમ વિદ્વેષ પ્રત્યે દોરી જતું નથી. દેશના ઉત્કર્ષ અર્થે બધી જ કોમોનો સહકાર એને ઇષ્ટ જણાયો છે. મુસલમાનોની એમાં એ તારવણી કરતો જ નથી. જે કોઇ ભારતીય– હિન્દુ, મુસ્લીમ, ઇસાઇ વ. – દેશનું ભલું ચાહે તેનો દેશ ઉપર દેશસંતાન તરીકે, નર્મદના મતે, અધિકાર છે જ:

"વળી પરદેશી બીજા જેને ભૂમિએ પાળી મોટા કર્યા,
પરધર્મી પણ હિત ઇચ્છનારા માતતણું તે ભાઇ ઠર્યા,
તેની તેની છે ગુજરાત,
પછી હોય ગમે તે જાત. :પૃ. ૭૧૩:

નર્મદની વિશાળ દૃષ્ટિનું નિદર્શન અન્યત્ર પણ પ્રાપ્ત થાય છે.

"ભણેલ ડાહયા ચતુર જે, હિંદુ પારસી જન,
મુસલમાનને સાથ લઇ, કરો એકઠાં મન" : પૃ. ૮૮૬: [૮]

શ્રી સંજાનાએ નર્મદની કવિતાના આ પાસાને વિવેચ્યું છે.

"નર્મકવિતા" કાવ્યત્વની દૃષ્ટિએ બહુ પરિતોષ નહિ આપી શકે. નર્મદમાં કવિતાવિવેક ઓછો ખીલેલો છે. એની કાવ્યરુચિ ખૂબ જાડી છે. સુન્દરમે માર્મિક રીતે કહયું છે એમ: "નર્મદની પ્રતિભા..અણઘડ રહી ગઇ છે, છતાં તે મહામોહક છે. એની પ્રવૃત્તિમાં પૂર્ણતાની નહિ, પણ પ્રારંભની ઝલક છે... અને છતાં જીવનને ખરેખર મૂળમાંથી પકડીને હચમચાવ્યું છે... અચાનક જ એની આ નીચેની લીટી જ્યારે મારા હાથમાં આવી, ત્યારે હું દિંગ થઇ ગયો. "ઝટ ડોળિ નાંખો રે, મનજળ થંભ થયેલું.." માનવનાં થંભી જતાં મનજળ માટે આથી બીજું કયું વધારે બળવાન પ્રિસ્ક્રિપશન આપી શકાય"?" [૯]

અંગ્રેજ સલ્તનતની સામે નર્મદે સીધું બંડ નહોતું પોકાર્યું. પરંતુ પરિણામ-દૃષ્ટિએ - એનાં કાવ્યોની જનસમાજ ઉપર થયેલી અસરની તથા એની કવિતા-થી ફેલાયેલી અખંડસ્વરૂપની પ્રજાકીય જાગૃતિની દૃષ્ટિએ એને "રીબેલ" કહી શકાય. દેશને નવજોબનવંતો બનાવવાનો દિવ્ય અસંતોષ એની કવિતામાં છલકે છે. દેશપ્રીતિના ઉછળતા આવેશવાળી પોતાની કવિતા દ્વારા પ્રજાની સુપ્તચેતનાને ઢંઢોળીને જાગૃત કરવાનું તથા એને પ્રવૃત્તિરત બનાવવાનું કાર્ય અર્વાચીન યુગના અરુણ નર્મદે બજાવ્યું છે.

અરુણની જેમ નર્મદ પ્રકાશ્યો છે થોડો સમય અને તેય અરુણના જેવી કેટલીક મર્યાદાઓ સાથે, પરંતુ એમાંથી અર્વાચીનયુગના સૂર્યોદયની મધુર ઝલક પ્રાપ્ત થઇ રહે છે.

## દલપતરામ તથા નર્મદાશંકર:

નર્મદે ગુજરાતપ્રીતિનાં જેવાં ભાવધબકતાં કાવ્યો લખ્યાં છે એવાં દલપતરામે નથી લખ્યાં.

નર્મદની દેશભક્તિમાં ઉછળતો આવેશ દેખાય છે. દલપતરામની દેશપ્રીતિ શાંત સંયતરૂપની છે. નર્મદની કવિતા સમાજમાં જેટલું ઉત્સાહોદ્દીપન કરી શકી હશે એટલું દલપતરામની કવિતા નહિ કરી શકી હોય. બન્ને કવિઓ એકંદરે જોતાં, અંગ્રેજો સાથેના સંબંધમાં વિચ્છેદના હિમાયતીઓ નથી. ધીર દલપતરામ અને વીર નર્મદ – બન્નેનું લક્ષ્ય એક જ હતું: દેશ કલ્યાણ. પરંતુ એ લક્ષ્યને આંબવાની નર્મદની પધ્ધતિ એના જીવનના એક દીપ્તિમંત તબક્કા-પૂરતી દલપતરામ કરતાં ભિન્ન હતી. નર્મદના ઉત્તરજીવનમાં દલપતરામ સાથેનો એ પધ્ધતિભેદ પણ દૂર થયો. ન્હાનાલાલે એક સૂત્રાત્મક વાક્યમાં કહ્યું છે એમ, "દલપતયુગમાં દલપતનર્મદનો ધીરે ધીરે કે યા હોમનો ગતિભેદ હતો, દિશાભેદ ન હતો."[૧૦] . "...એ કવિવરો પ્રજાકલ્યાણના એક જ તીર્થના, પણ ભિન્ન ભિન્ન માર્ગના, યાત્રિકો હતા. તે પછી બન્ને એક જ તીર્થના એક જ માર્ગના યાત્રિકો થયા." [૧૧]

બન્ને એક માર્ગના યાત્રિકો હતા એ વાત સાચી, પરંતુ જીવનમાં તેમજ કવનમાં નર્મદનું કાર્ય દલપતરામ કરતાં વિશેષ વિક્રમશીલ લાગે છે. નર્મદમાં અર્વાચીનયુગનાં મંડાણ કરવા મથતા એક મૂલ્યસર્જક દષ્ટાની છટા દેખાય છે, દલપતરામમા એકંદરે એક ધીર મૂલ્યપ્રચારકની ગતિ દેખાય છે. એ બન્નેની ગતિ-પ્રવૃત્તિનું ગુજરાતના જીવન તેમજ વાઙ્મયને સમૃધ્ધ કરવાની દષ્ટિએ એક સ્થાયી મૂલ્ય છે.

---

## સંદર્ભ તથા પાદનોંધ

૧. "ઉત્તરનર્મદચરિત્ર", પૃ. ૨૯, સંપાદક: ઈ. સૂ. દેસાઈ

૨. "મારી હકીકત"માંના ન્હાનાલાલના નિબંધ "કવિમિલન"માં અવતરિત, પૃ. ૨૫.

૩. "ઉત્તરનર્મદચરિત" પૃ. [illegible]

૪. "નર્મદ" પૃ. ૬૩: રા. વિ. પાઠક, "હિન્દુઓની પડતી"ના સંદર્ભમાં રજૂ થયેલો શ્રી. પાઠકનો આ અભિપ્રાય નર્મદની સમગ્ર દેશભક્તિકવિતા માટે સાચો છે.

૫. એનું એક ઉદાહરણ: "કહેશો કે શુધ્ધ હિન્દીમાં મુસલમાનને ગમ નહીં પડે, પણ એટલું તો ખરૂં છે કે તેઓ સમજી તો શકશે જ ને. અગર તેઓને અનુકૂળ ન પડે તો પણ શું? હિંદુસ્તાનમાં હિંદુની સંખ્યા મુસલમાન કરતાં બારગણી વધારે છે, માટે આપણે આપણી નાશનલ ભાષા હિંદી જ રાખવી.." ઇ. સ. ૧૮૬૮માં નર્મદે લખેલો પત્ર, "ઉતરનર્મદચરિત્ર", પૃ. ૪૨.

૬. હિન્દની નાપાક જમીન ઉપર નમાજ પઢવાનું પણ કવિ સૌદાને કષ્ટ થયું છે. :"..સિજદા ન કરું હિન્દકી નાપાક ઝમીં પર": "સંસ્કૃતિ કે ચાર અધ્યાય", પૃ. ૪૭૨ ઉપર અવતરિત.

૭. "અર્વાચીન કવિતા", પૃ. ૩૭: સુન્દરમ્

૮. ગુજરાતને સમૃધ્ધ કરવા માટેનું આમંત્રણ નર્મદે બધી જ કોમોને – પછાત ગણાતી કોમોને પણ – પ્રેમપૂર્વક આપ્યું છે. સિધ્ધરાજ જયસિંહની સાથે મહમદ બેગડાને પણ એ સરખાજ આદરપૂર્વક યાદ કરે છે: "ગુજરાત ભૂમિના જુદા જુદા વર્ગના લોકે – પહાડી પ્રદેશના રજપૂતો, ભીલ, કોળી, એઓએ તથા રસાળ પ્રદેશના બ્રાહ્મણ, વાણીઆ, કણબી એઓએ અને પારસી મુસલમાન એઓએ – સૌએ પ્રત્યેકે ને સમૂહમાં ઉત્સાહ તથા આગ્રહથી, ખંત સાથે ઉદ્યમ કરવા કે જેથી આપણે યશસુખ વહેલાં પ્રાપ્ત કરીએ અને આપણી ગુજરાત જયશિખર, સિધ્ધરાજ ને મહમદ બેગડાના વખતમાં તેજ મારતી હતી તેમ માત્ર નહિ, પણ જુદી જ રીતે હિન્દુસ્તાનના એક મોટા કૌવતવાળા સુંદર અંગરૂપે જગતમાં કાંતિમાન ને કીર્તિમાન થઇ રહે." "– ગુજરાતીઓની સ્થિતિ" એ નિબંધનું આ અવતરણ "નર્મદશતાબ્દીગ્રંથ", ગદ્યવિભાગ પૃ. ૫. ઉપર અવતરિત. નર્મદની આવી ઉદાર વિચારસરણિનું અન્ય દ્રષ્ટાંત એના "આપણી દેશજનતા" નિબંધમાંથી મળશે.

૯. "દક્ષિણા" ત્રૈમાસિક, પૃ. ૧૨, ઓગસ્ટ ૧૯૫૮.

૧૦. "કવીશ્વર દલપતરામ" ભા. ૩, પૃ. ૨૭૭.

૧૧. "મારી હકીકત" માંનો "કવિમિલન નિબંધ", પૃ. ૨૬.

નોંધ::: "નર્મકવિતા"ની ત્રીજી આવૃત્તિ :૧૮૮૮: માંથી સર્વત્ર પૃષ્ઠાંકો આપ્યા છે.